



આમ તો ગુજરાત રાજ્ય માં શીતળામાતા મંદિર ખુબ ઓછી સંખ્યા માં જોવા મળે છે ને જ્યારે શીતળા સાતમ હોય ત્યારે શ્રદ્ધાળુઓ પોતાના બાળકો ને ઓરી ,અછબડા જેવા રોગ ની મુક્તિ માટે શીતળામાતા નું પૂજન કરતા હોય છે ત્યારે યાત્રાધામ અંબાજી ખાતે પણ એક અતિ પ્રાચીન શીતળા માતા ની નાની ડેરીને મોટા મંદિરનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ સંચાલિત આ મંદિર ને રોશનલાલ અગ્રવાલ જેવર વાલા પરીવાર દ્વારા લાખો રૂપિયા ના ખર્ચે નવું મંદિર બનાવી શીતળામાતાજીની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી છે આ પૂર્વે શીતળામાતા ની અંબાજી શહેર માં વિશાળ શોભાયાત્રા પણ નીકાળવામાં આવી હતી અને વિદ્વાન પંડિતો દ્વારા પ્રાણપ્રતિષ્ઠા માટેની પૂજા અર્ચના કર્યા બાદ આજે ૧૨.૩૯ ના વિજય મુહૂર્ત માં માતાજી ની પ્રતિમા ને બેસાડી પ્રતિષ્ઠા કરાઈ હતી અને મંદિર ઉપર ધ્વજાદંડ લગાવી ધ્વજા રોહન કરાયુ હતું આ પ્રસંગે ગુજરાત અને રાજસ્થાન ના મોટી સંખ્યા માં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા જોકે આ શીતળામાતા અગ્રવાલ સમાજ ની કુળદેવી માનતી હોવાથી અગ્ર બંધુ પણ મોટી સંખ્યા માં ઉમટીપડ્યા હતા જોકે આયોજક પરીવાર ના રામાઅવતાર અગ્રવાલે જણાવ્યુ હતુ કે અહી શિતલા માતા ની અહી પ્રાચીન ડેરીહતી જ્યા સાતમ જેવા તહેવારે શ્રધ્દાળુઓને દર્શન કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો એટલુજ નહી થોડા સમય પહેલા આ નાની ડેરીને એક ટ્રક ચાલકે ટક્કર મારી ખંડીત પણ કરીહતી જેને લઈ ધાર્મીક લાગણી ને લઈ આ નવુ મંદિર બનાવી આજે પ્રાણ પ્રતિષ્ઠા કરી મંદિર ને દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકાયુ હતુ,આ પ્રાણ પ્રતીષ્ઠા મહોત્સવ પ્રસંગે જીલ્લા કલેકટર દિલિપ રાણા અંબાજી મંદિર ના વહીવટદાર એસ.જે.ચાવડા. આર.કે.મેવાડાપણ ઉપસ્થીત રહ્યા હતા.

# આજથી ત્રિ-દિવસીય બેચરાજી ખાતે ચૈત્રી પુનમનો મેળો

મહેસાણા, તા.૨૮

આધશકિતપીઠોમાં જેનું અનેરૂ સ્થાન છે તેવા જગ પ્રસિધ્ધ બહુચરાજી માતાજીના મંદિરના સાનિધ્યે ચૈત્રી પુનમના પરંપરાગત મેળાનું અનેરૂ મહાત્મય છે. આ તીર્થધામમાં મેળાના દિવસોમાં સ્થાનિક ઉપરાંત અમદાવાદ, રાજસ્થાન સહિત ઉત્તર ગુજરાતમાંથી લાખો ભાવિકો માતાજીના દર્શનાર્થે ઉમટે છે.



ચુંવાળ પંથકમાં બહુચરાજી યાત્રાધામ વિકાસ માટે રાજ્ય સરકાર કટિબધ્ધ બની છે. યાત્રાધામ બહુચરાજીમાં આગામી ૨૯ માર્ચથી ૩૧ માર્ચ (ગુરૂવારથી શનિવાર) દરમિયાન ભરાનાર ચૈત્રી પૂનમના લોકમેળામાં લાખો શ્રધ્ધાળુઓ મા બહુચરના દર્શનાર્થે પધારતા હોય છે. માઈભક્તોને દર્શન ઉપરાંત પીવાના પાણી, રહેવા, જમવા સહિતની કોઈ પણ અગવડ ન પડે તે પ્રકારની વ્યવસ્થા ઉભી કરાઈ છે. મેળામાં શાંતિ, સલામતી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર એચ.કે. પટેલે વિવિધ સુચનો કર્યા હતા.

જિલ્લા કલેકટર એચ.કે.પટેલે મેળાની તૈયારીઓ સહિતની વિવિધ કામગીરીની સમીક્ષા કરી જરૂરી સુચનો કર્યા હતા. દર્શનાર્થી ભાઈઓ અને બહેનો માટે અલગ વ્યવસ્થા કરાઈ છે. લાઈનમાં ઉભેલા ભક્તોને ઠંડુ પાણી મળી રહે તે માટે સ્વયંસેવકોએ જવાબદારી ઉપાડી છે. મંદિરમાં ભેટ કેન્દ્ર ઉભા કરાયા છે. પીવાના પાણી માટે વિવિધ જગ્યાએ સ્ટેન્ડ પોસ્ટ ઉભા કરવામાં આવનાર છે. આ ઉપરાંત વિના વિક્ષેપ વીજપુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા પણ મેળા દ્વારા કરવામાં આવી છે. મેળા દરમિયાન જિલ્લા પોલીસવડાના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક સહિત પોલીસ જવાનો દ્વારા યાત્રિકોની સુરક્ષા, સલામતી અને વ્યવસ્થાનું ધ્યાન રાખવામાં આવનાર છે.

પૂનમના દિવસે બહુચર ભોજનાલયમાં વિના મૂલ્યે ભોજન સહિત યાત્રાધામમાં વિશ્રામની વિવિધ જગ્યાએ વ્યવસ્થા કરાઈ છે. આરોગ્ય સેવાઓ માટે તંત્ર ખડેપગે કરાયું છે. આ ઉપરાંત પે એન્ડ યુઝ ટોઈલેટ સહિત મોબાઈલ ટોઈલેટની સુવિધા કરાઈ છે. મંદિર પરિસરમાં ટેમ્પલ ટ્રસ્ટ તેમજ શકિતચોકમાં પોલીસના મુખ્ય કંટ્રોલ પોઈન્ટ ઊભા કરવામાં આવશે. જ્યાંથી મેળાનું સતત મોનિટરીંગ કરાશે તેમજ જરૂરી સૂચનાઓ એનાઉન્સ કરવામાં આવશે.

૩૦ માર્ચને શુક્રવારે ચૌદશની રાત્રે એસ.ટી. વર્કશોપ પાસેના મેદાનમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે, આ ઉપરાંત પુનમના દિવસે બહુચર માતાજીની પાલખી રાત્રે ૦૯-૦૦ કલાકે ૩૧ માર્ચને શનિવારે નીજ મંદિરેથી નીકળી શંખલપુર જાય છે. આ સમયે પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનરની સલામી આપવામાં આવે છે.

# વણજ ડેમમાં ડુબમાં ગયેલી જમીનના અસરગ્રસ્તોની હાલત કફોડી

## ૪૦ વર્ષથી જમીન ન મળતા પરિવારોને જીવન ગુજરાન ચલાવવા માટે ફાંફા

હિંમતનગર, તા. ૨૮

વિજયનગર તાલુકામાં વર્ષ ૧૯૭૬માં હરણાવ જલાગાર(ડેમ) બનાવવામાં આવ્યો હતો. ત્યારે વિજયનગર તાલુકાના અનેક આદિવાસી પરિવારોની જમીન ડુબમાં ગઈ હોવાને કારણે તેઓ જમીન વિહોણા અને અસરગ્રસ્તો બની ગયા છે. ૪૦ વર્ષ થવા આવ્યા હોવા છતાં ૨૦થી વધુ પરિવારોને હજુ સુધી જમીન ન મળવાને કારણે તેઓ પોતાનું જીવન ગુજરાન ચલાવવા માટે રાત દિવસની પરવા કર્યા વિના અનેક કચેરીઓમાં ભટકીને આજીજી કરીને થાકી ગયા છે. તેમ છતાં સરકાર કે અધિકારીઓ તેમની વ્યાજબી માંગણીઓ અંગે હકારાત્મક કાર્યવાહી કરતા નથી.

આ અંગે સારોલી ગામના લાલજીભાઈ સોમાજી ડામોર તથા અન્ય અસરગ્રસ્ત પરિવારોના જણાવ્યા મુજબ વર્ષ ૧૯૭૬માં વણજ ડેમ બંધાયો ત્યારે તેમાં અનેક ખેડૂતોની જમીન ડુબમાં ગઈ હોવાને કારણે તેઓ અત્યારે જમીન વિહોણા બની ગયા છે. તત્કાલિન સમયે આ અસરગ્રસ્તોને સરોલી ગામના સર્વે નં. ૪૯ અને ૫૫ માં જમીન આપવાનો વાયદો કર્યો હતો. તેમ છતાં આજ દિન સુધી આ અસરગ્રસ્ત પરીવોરને તસુ જમીન મળી નથી.

જમીન નહિ હોવાને કારણે આ અસરગ્રસ્તોને સરકારની યોજનાઓનો લાભ મળી શકતો નથી. જેથી વારંવાર રજુઆતો કરવા છતાં અધિકારીઓ અને રાજકારણીઓ કહી સાંભળતા નથી. જેથી તાજેતરમાં વિજયનગરના મામલતદારને લેખિત રજુઆત કરવામાં આવી છે અને તેમાં એવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે કે જો સત્વરે અમને ન્યાય નહિ મળે તો ભુખ હડતાલ પર બેસી જરૂર પડે આત્મવિલોપન કરીશુ.

## દોલગઢ પાટીયા પાસે મહિલાના ગળામાંથી સોનાના દોરાની તફડંચી

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગર તાલુકાના દોલગઢ પાટીયા પાસે ઉભી રહેલી એક મહિલાના ગળામાંથી સોમવારે બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ રૂ. ૪૦ હજારની કિંમતના સોનાના દોરાની તફડંચી કરીને ભાગી ગયા હતા. જે અંગે આ મહિલાએ મંગળવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં રહેતા ચંદ્રીકાબેન યોગેશકુમાર રાવલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેણી સોમવારે દોલગઢ પાટીયા નજીક ઉભા હતા ત્યારે બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો પૈકી પાછળ બેઠેલા શખ્સે ચંદ્રીકાબેનના ગળામાંથી રૂ. ૪૦ હજારની કિંમતના સોનાના દોરાની લૂંટ કરી ભાગી ગયા હતા. ત્યાર બાદ ચંદ્રીકાબેને બુમાબુમ કરવા છતાં અજાણ્યા શખ્સો ભાગી જવામાં સફળ રહ્યા હતા. જેથી ચંદ્રીકાબેને બંને શખ્સો વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.



## મોડાસામાં લાયન્સ કલબ ઈન્ટરનેશનલની રીજીયન "મધુવન" કોન્ફરન્સ યોજાઈ

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડીસ્ટ્રીકટ ૩૨૩૨બી વર્ષ ૨૦૧૭-૨૦૧૮ રીજીયન-૬ની "મધુવન" કોન્ફરન્સ મોડાસા લાયન્સ ક્લબ અને રીજીયન-૬ના ચેરમેન લા. પ્રવીણ પરમાર યજમાન પદે ડીસ્ટ્રીકટ ગવર્નર સીએ જીતેન્દ્ર જૈનની રાહબરી હેઠળ યોજવામાં આવી હતી. આ કોન્ફરન્સમાં "મધુવન સોવેનિયરનું વિમોચન કરવામાં આવ્યું હતું. મોડાસા લાયન્સ ક્લબ અને મેઘરજ લાયન્સ ક્લબની સેવાકીય પ્રવૃતિઓની સરાહના કરવામાં આવી હતી. સમગ્ર રીજીયન કોન્ફરન્સને સફળ બનાવવા લા. કમલેશ પટેલ, લા. મનુ પટેલ, લા. ભાવેશ જયસ્વાલ, લા. સુરેશ પટેલ સહીત લાયોનેસ અને લિઓ ક્લબના હોદેદારોએ ભારે જહેમત ઉઠાવી હતી. આચાર્ય ડૉ. સ્વામી ગૌરાંગશરણ દેવાચાર્યએ સુભાષિશ પાઠવ્યા હતા.

## હિંમતનગરમાં મહિલાના ગળામાંથી દોરો લૂંટાયો

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ શ્રીનગર સોસાયટીના ઘર આગળ ઉભા રહેલા એક મહિલાના ગળામાંથી અજાણ્યા ત્રણ શખ્સો રૂ. ૪૦ હજારની કિંમતના સોનાના દોરાની લૂંટ કરી ભાગી ગયા હતા. જે અંગેની ફરીયાદ મંગળવારે હિંમતનગર એ-ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે શ્રીનગર સોસાયટીમાં રહેતા કનુભાઈ બાબુભાઈ રાવલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મજુબ મંગળવારે તેઓ સાંજના સુમારે પોતાના ઘર આગળ ઉભા હતા ત્યારે એક અજાણ્યા શખ્સે આવી તેમની પત્નિનો સાડલો પાછળથી ખસેડીને મહિલાએ પહેરેલ આશરે પોણા બે તોલાના રૂ. ૪૦ હજારની કિંમતના સોનાના દોરાની લૂંટ કરી નજીકમાં ઉભુ રાખેલ બાઈક પર બેઠેલ અન્ય બે શખ્સો સાથે આંખના પલકારામાં ભાગી ગયા હતા. ત્યારબાદ કનુભાઈ રાવલે પોતાની પત્નિના ગળામાંથી સોનાના દોરાની લૂંટ અંગેની ફરીયાદ હિંમતનગર એ-ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

# બનાસકાંઠા જિલ્લા પંચાયતનું બજેટ સર્વાનુમતે મંજુર કરાયું

પાલનપુર, તા.૨૮

પાલનપુર ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી પીનાબેન ઘાડીયા, ઉપપ્રમુખ શ્રીમતી જશીબેન દીયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અમિત અરોરા, જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં જિ.પંચાયત બનાસકાંઠાનું સને-૨૦૧૭-૧૮નું સુધારેલ અને ૨૦૧૮-૧૯નું વાર્ષિક અંદાજપત્ર સામાન્ય સભામાં રજુ થતાં સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું.

જિ. પંચાયત સ્વભંડોળના રૂ. ૪૩,૨૮,૩૩,૫૩૪/- ની રકમનું બજેટ મંજુર કરવામાં આવ્યું છે. જેમાં બાંધકામ ક્ષેત્રે રૂ.૧,૦૦,૦૦,૦૦૦/-, વિકાસ અને પંચાયત ક્ષેત્રે રૂ. ૧૦,૨૦,૦૦૦/-, શિક્ષણ ક્ષેત્રે રૂ.૧૧,૪૫,૦૦૦/-, સમાજ કલ્યાણ ક્ષેત્રે રૂ. ૯,૨૫,૦૦૦/-, આરોગ્ય ક્ષેત્રે રૂ. ૧૩,૭૫,૦૦૦/-, ખેતીવાડી ક્ષેત્રે રૂ. ૭,૫૦,૦૦૦/-, પશુપાલન ક્ષેત્રે રૂ. ૩,૦૦,૦૦૦/-, સિંચાઈ ક્ષેત્રે રૂ. ૫,૦૦,૦૦૦/-ની જોગવાઈ કરવામાં આવી છે.

ચાલુવર્ષે- ૨૦૧૮-૧૯માંસ્વ ભંડોળમાં વિકાસ અને પંચાયત, શિક્ષણ, આરોગ્ય, બાંધકામ અને પ્રકીર્ણ યોજના અન્વયે કેટલીક નવી જોગવાઈઓ કરવામાં આવી છે.

# હિંમતનગર તાલુકાના ગામડી ગામનો વિકાસ કરવા દત્તક લેવાયું

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગર તાલુકાના ગામડી ગામનો વિકાસ કરવા માટે યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ દ્વારા તાજેતરમાં દત્તક લેવામાં આવ્યું છે. જે અંતર્ગત યોજાયેલા એક કાર્યક્રમમાં ઈન્સ્યોરન્સના અધિકારીઓ તથા હિંમતનગર લાયોનેસ કલબની બહેનોએ ઉપસ્થિત રહી ગ્રામજનોને પ્રોત્સાહિત કર્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર તાલુકાનુ ખોબા જેવડા ગામડી ગામનો વિકાસ ઘણા સમયથી ઓછો હોવાને કારણે શાળામાં ભણતા બાળકોને અભ્યાસલક્ષી તથા પ્રાથમિક સુવિધાઓ મળતી ન હતી. જેથી યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ દ્વારા કેટલીક માહિતી એકત્ર કર્યા બાદ ગામની મુલાકાત લેવામાં આવી હતી. જેથી ઈન્સ્યોરન્સ કંપનીએ તાજેતરમાં ગામડી ગામને દત્તક લઈને વિકાસ કરવાનું બીડું ઝડપ્યુ છે. જેના ભાગરૂપે ગામની શાળામાં ભણતા બાળકો માટે આરો પ્લાન્ટ, વિદ્યાર્થીઓને અભ્યાસની કીટ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે હિંમતનગર લાયોનેસ કલબના અર્ચનાબેન ભટ્ટ, બેલાબેન શાહ, બીનાબેન પટેલ, સરોજબેન પટેલ અને મંજુલાબેન સોલંકી તથા યુનાઈટેડ ઈન્સ્યોરન્સના રીજ્યોનલ મેનેજર સુજાતા ગાંગુલી, એસ.પી. સીંગ અને ડી.કે. શાહ ઉપસ્થિત રહ્યા હતા.

## કેગ રિપોર્ટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટીપ્પણી કરવામાં આવી છે. જિ. ભૂસ્તર વિભાગની ખોટી નીતિને લાધે સરકારી તિજોરીને ૧૫૨ કરોડનું નુકશાન પહોંચ્યું છે. ૧૮૨ કેસમાં ખાણ ખનીજ વિભાગે ખોટી રીતે ખાણની લીઝ આપી છે.

કેગના રીપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સુરત અને અમદાવાદમાં બે કેસોમાં જમીનના નવી શરતમાંથી જુની શરતમાં રૂપાન્તર પર અયોગ્ય દરો લાગુ કરી સરકારને ૭૮.૪૪ લાખની રકમનો ચુનો લાગ્યો છે. ૪ કલેકટર કચેરીઓમાં ૨૦૧૨-૧૩ અને ૨૦૧૪-૧૫ના સમયગાળા દરમ્યાન ૧૩૮ કેસોમાં ૧.૯૮ કરોડ જેટલા રૂપાન્તર વેરાની બિન વસુલાત - ઓછી વસુલાત કરી હોવાની ટીકા પણ કરવામાં આવી છે. સાથે કેગ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન તંત્ર દ્વારા વર્ષ ૧૬-૧૭ દરમ્યાન ૧૦૩ કેસમાં ૯૯.૯૮ કરોડની રકમ સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીની ઓછી વસુલાત કરી છે. નવ જિલ્લાના ૧૨ નાયબ કલેકટર કચેરીઓ દ્વારા ડેટા એન્ટ્રીમાં અનિયમિતતા ધ્યાનમાં આવી જેના પરિણામે ૪૧ કેસોમાં ૪.૬૩ કરોડનુ પ્રીમિયમ ઓછી વસુલાત થઈ.

કેગ રિપોર્ટમાં ટીપ્પણી કરવામાં આવી છે કે, સબ રજીસ્ટ્રાર કચેરી બાવળા દ્વારા બજાર કિંમતનુ અયોગ્ય રીતે ગણતરી કરવામાં આવતા એક કેસમાં રૂપિયા ૯૮ લાખની સ્ટેમ્પ ડયુટીની ઓછી વસુલાત થઈ હોવાનુ ધ્યાનમાં આવ્યું છે. મિલકતોની બજાર કિંમતના અયોગ્ય નિર્ધારણના કારણે ૨૮ દસ્તાવેજોમાં ૧.૭૫ કરોડની સ્ટેમ્પ ડયુટી ઓછી લેવામાં આવી છે.

કેગનું આર્થિક ક્ષેત્ર પર અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, સરકાર ૧૨મી પંચવર્ષીય યોજનામાં કલ્પના કરેલ ૯ નવા બંદરોના બાંધકામના કામોમાં વિભાગ નિષ્ફળ જવાના લીધે માછીમારોને સવલતો રાખવાથી વંચિત રખાયો. ગુજરાત સરકારે માછીમારી પ્રતિ બંધ સમય ગાળો અપનાવતું કોઈ જાહેરનામું ધારા ધોરણ જારી કરાયું નથી. ગુજરાત ફિસરીઝ વિભાગમાં ૫૧ ટકા જગ્યા ખાલી છે.

૧૯૭૮ માં રચાયેલી ઉચ્ચસ્તરીય બેઠક દ્વારા ભલામણ કરવા છતાં રાજ્ય સરકારે ભૂગર્ભ જળ માટે નો કાયદો ઘડવા માં આવ્યો જ નથી. ક્ષાર નિયંત્રણ માટે ની યોજના માં કામો ના અમલીકરણ ના વિલંબ ના કારણે આ યોજના નો ખર્ચ ૪૫૫ ટકા થી ઊંચો થઈ ગયો છે. મૂળ યોજના ૭૮૯.૧૨ કરોડની હતી તેની સામે માર્ચ ૨૦૧૭ સુધી ૧૦૪૫.૬૫ કરોડ ખર્ચ થઈ ચૂક્યો છે અને બાકી ના કામો માટે ૨,૫૪૪.૭૯ કરોડ નવો અંદાજ કરવા માં આવ્યો છે.

નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર મુદે ઓડીટમાં જોવા મળ્યું છે કે ૨૫થી ૩૯ વર્ષ સમય વીત્યા પછી પણ ચેક ડેમ અને કુવા રીચાજ સિવાય ના કામોની પ્રગતિ ખૂબ ધીમી છે દરિયા કિનારા ની જમીન ની પૂન પ્રાપ્તિ માટે કોઈ મર્યાદિત પગલાં લીધા નથી.

સ્ટેમ્પ ડ્યુટીમાં ઓછી કારની નર કકરને રાજ્ય ની તિજોરી ને ૯૯ કરોડનું નુકસાન થયું છે. કુલ ૧૦૩ કેસમાં ૯૯.૦૦ કરોડ ની ઓછી કારણરી કરવામાં આવી છે. નગર આયોજન યોજના હેઠળ એનુલ સ્ટેટમેન્ટ ઓફ રેટ્સ માં સુધારો ના થતા ૬૭ કરોડ નું નુકસાન થયું છે.

## કિમ જોંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમના ઉદ્ધેશ્યોને પાળશે તો આ શક્યતા રહેલી છે. કિમે કહ્યુ છે કે શાંતિ અને સ્થિરતાનુ વાતાવરણ સર્જી શકય છે. ઉત્તર કોરિયન નેતા સાથે ઝિનપિંગે વાતચીત કરી હતી. આ વાતચીત ૨૫મીથી ૨૮મી વચ્ચે થઈ છે. કિંમની સાથે તેમના પત્નિ પણ પહોંચ્યા હતા. ઉત્તર કોરિયાના હમેંશામાં વિવાદમાં રહેનાર અને આક્રમક છાપ ધરાવતા કિંમ જોગ ઉન ખુબ જ ગુપ્તરીતે ટ્રેન મારફતે ચીન પહોંચ્યા હોવાના હેવાલ અગાઉ આવ્યા હતા. હવે ચીની મિડિયાએ પણ હેવાલને સમર્થન આપી દીધુ છે. તેમની ચીન યાત્રાને ખુબ ગુપ્ત રાખવામાં આવી હતી. તેમની સાથે કેટલાક પ્રતિનિધીઓ પણ પહોંચ્યા હતા.વર્ષ ૨૦૧૧માં સત્તા સંભાળી લીધા બાદ કિમની આ પ્રથમ વિદેશ યાત્રા રહ છે. જે સફળ સાબિત થઈ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સાથે તેમની થનાર વાતચીત પહેલા આ વાતચીત ઉપયોગી ગણવામાં આવે છે. કિંમની યાત્રાના સંબંધમાં છેલ્લે સુધી કોઈ માહિતી જારી કરવામાં આવી ન હતી. ઉત્તર કોરિયાના અધિકારીઓ પહેલા પણ ચીન પહોંચી ગયા હતા.હાલમાં ઉત્તર કોરિયા દ્વારા એક પછી એક પરમાણુ પરીક્ષણ ગયા વર્ષે કરવામાં આવ્યા બાદ તેના પર વિશ્વના દેશો દ્વારા પ્રતિબંધ મુકવામાં આવ્યા હતા. ભારે ગુપ્તતા વચ્ચે એક ટ્રેન બેજિંગ પહોંચી હતી. આ ટ્રેન દેખાવવામાં આવી હતી જેવી ટ્રેનમાં કિમના પિતા જોંગ ઈલ વર્ષ ૨૦૧૧માં ચીનની યાત્રાએ ગયા હતા. ચીન વિશ્વના દેશોમાં બિલકુલ અલગ પડી ગયેલા ઉત્તર કોરિયાના નજીકના મિત્ર છે. સોમવારના દિવસે જાપાની મિડિયાએ અહેવાલ આપ્યા હતા કે, ઉત્તર કોરિયાની એક ઉચ્ચ સ્તરીય ટ્રેન ચીન પહોંચી છે. કિમે એવી ઈચ્છા પણ વ્યક્ત કરી છે કે, અમે કોરિયન ગ્રુપમાં શાંતિ સ્થાપિત કરવા માટે કટિબદ્ધ છે. અમેરિકા અને દક્ષિણ કોરિયા સાથે વાતચીત કરવા પણ તૈયાર છીએ. બીજી બાજુ વાતચીત દરમિયાન શીએ કિમને કહ્યું હતું કે, અમારી પરંપરાગત મિત્રતા વધુ મજબૂત થવી જોઈએ.

## ફરી લેવાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

એકવાર ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. સીબીએસઈએ બે પેપર ફરીથી લેવાની વાત કરી છે. બીજી બાજુ આ વર્ષે સીબીએસઈ બોર્ડની પરીક્ષામાં પેપર લીક થવાની ચર્ચા હતી. કેટલાક મામલામાં પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. મિડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, પરીક્ષાને દોષમુક્ત રાખવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સીબીએસઈએ કહ્યું છે કે, પરીક્ષાની તારીખની જાહેરાત એક સપ્તાહમાં કરી દેવામાં આવશે. આ વર્ષે પાંચમી માર્ચથી કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડની ૧૦ અને ૧૨મી પરીક્ષા શરૂ થઈ હતી. આ પરીક્ષામાં દેશભરમાંથી ૨૮ લાખ ૨૪ હજાર ૭૩૪ વિદ્યાર્થી બેઠા હતા. સીબીએસઈના કહેવા મુજબ આ વર્ષે ૧૦માની પરીક્ષામાં ૧૬ લાખ ૩૮ હજાર ૪૨૮ વિદ્યાર્થીઓ બેઠા હતા જ્યારે ૧૨ની પરીક્ષામાં ૧૧ લાખ ૮૬ હજાર ૩૦૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. બોર્ડ દ્વારા ચોક્કસ પરીક્ષાના આયોજનમાં થયેલી ગેરરીતિને લઈને નોંધ લેવામાં આવી છે. પરીક્ષાને સંતુલિત રાખવાના હેતુસર અને કોઈ વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે હેતુસર બોર્ડે ફરી પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે. સીબીએસઈ બોર્ડ તરફથી આજે આ અંગેની વિગતો જાર કરવામાં આવી હતી. બીજી બાજુ કેટલાક શિક્ષકો, માતા-પિતા અને વિદ્યાર્થીઓ ફરી પરીક્ષા લેવાની માંગ કરીને દિલ્હી હાઈકોર્ટમાં રજૂઆતના મૂડમાં દેખાઈ રહ્યા હતા. લીકના મામલામાં સ્વતંત્ર તપાસની માંગ પણ કરવામાં આવી હતી. વાલીઓ અને વિદ્યાર્થીઓએ દાવો કર્યો હતો કે, ધોરણ ૧૦માં સોશિયલ સ્ટડી અને ધોરણ ૧૨માં બાયોલોજીની પરીક્ષામાં પણ પેપર લીક થઈ ગયા હતા. સીબીએસઈ દ્વારા હજુ સુધી દિલ્હી ક્ષેત્ર અને ઓલ ઈન્ડિયા માટે આ પરીક્ષા યોજાશે કે કેમ તે અંગે હજુ માહિતી આપી નથી. બોર્ડની પરીક્ષામાં પેપરો લીક થવાના બનાવ પ્રથમ વખત બની રહ્યા નથી. વર્ષ ૨૦૦૬માં પોલીસે બિઝનેસ સ્ટડીના સીબીએસઈના પ્રશ્નપત્રને લીક કરવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.

## પ્રતિબંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચેડા કરવાને લઈને વિવાદ ફરી એકવાર સપાટી ઉપર આવી જતાં ખળભળાટ મચી ગયો હતો. કરોડો ક્રિકેટ ચાહકો આઘાતમાં ગરકાવ થઈ ગયા હતા. કારણ કે દુનિયાના બે દિગ્ગજ બેટ્સમેનો ઓસ્ટ્રેલિયાના કેપ્ટન સ્ટિવ સ્મિથ અને વાઈસ કેપ્ટન ડેવિડ વોર્નર આ મામલામાં ફસાયા હતા. ગુનાની કબૂલાત કરી લીધા બાદ ઓસ્ટ્રેલિયાએ તરત કાર્યવાહી કરીને સ્ટિવ સ્મિથ અને ડેવિડ વોર્નરને કેપ્ટન અને વાઈસ કેપ્ટન પદેથી પડતા મુકી દીધા હતા. બંનેની પાસેથી ક્રમશઃ કેપ્ટનશીપ અને વાઈસ કેપ્ટનશીપ લઈ લેવામાં આવી હતી. આની સાથે જ દક્ષિણ આફ્રિકામાં રમાનાર ચાર ટેસ્ટ મેચોની શ્રેણીની અંતિમ ટેસ્ટ મેચમાં ટીમની કેપ્ટનશીપની જવાબદારી ટીમ પેનને સોંપી દેવામાં આવી હતી. બોલ સાથે ચેડા કરવાનો મામલો સપાટી ઉપર આવ્યા બાદ અને ઓસ્ટ્રેલિયન ખેલાડી બોલ સાથે ચેડા કરતા કેમેરામાં કેદ થઈ ગયા બાદ સ્મિથે મિડિયા સમક્ષ આવીનો આ બનાવની કબૂલાત કરી હતી. સ્મિથે કહ્યું હતું કે, બોલ સાથે ચેડા થયા છે. આ તેમની ટીમના ગેમ પ્લાનના એક હિસ્સા તરીકે હતો. ટીમની રણનીતિ બનાવનાર ખેલાડીઓની સંડોવણી નિકળી હતી જેમાં સ્ટિવ સ્મિથ અને ડેવિડ વોર્નર સામેલ હતા. આ બનાવ બન્યા બાદ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાને મોટો ફટકો પડ્યો હતો ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન મેલ્કમ ટર્નબુલે આ અંગે દુખ વ્યક્ત કરીને ઘટનાને શરમજનક તરીકે ગણાવી હતી. ત્યારબાદથી ઓસ્ટ્રેલિયા અને ઓસ્ટ્રેલિયન સ્પોર્ટ્સ કમિશન દ્વારા મામલાની ગંભીરતાથી નોંધ લીધી હતી. કેપ્ટન તરીકે સ્ટિવ સ્મિથ અને વાઈસ કેપ્ટન તરીકે ડેવિડ વોર્નરને તરત દૂર કરવામાં આવ્યા હતા અને ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા ઉંડી તપાસ હાથ ધરવામાં આવી હતી.

## પડકારરૂપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પડશે. આવી સ્થિતીમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગઢમાં કોંગ્રેસ પાર્ટી સારો દેખાવ કરી શકે છે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટી અને અન્ય રાજકીય પક્ષો માને છે કે કર્ણાટક વિધાનસભાના પરિણામ ભાવિ ગઠબંધન માટે માર્ગ મોકળો કરનાર છે. કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી છ મુદ્દા પર લડવામાં આવનાર છે. યેદીયુરપ્પાના ભુતકાળમાં કેટલીક ખામી રહી છે. જે ભાજપને નુકસાન કરી શકે છે. આવી સ્થિતીમાં મોદી લહેર અને અમિત શાહની વ્યુહરચનાને સફળ કરવા માટે કેટલીક યોજના ભાજપને હજુ બનાવવી પડશે.